જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૩/૦૪/૨૦૧૬ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૭૫૭/૧૬

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૪ કેસ કરી, ૧૨ વ્યક્તિઓને ઝડપી, ૪૨ લીટર દેશી દારૂ અને ૩ બોટલ ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૭૫૮/૧૬

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૩૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદ :- સમાચાર યાદી નં.૭૫૯/૧૬

**જી.આઇ.ડી.સી.વટવા** : સુરજીતસિંગ મદનમોહનસિંગ રાજપુત (ઉ.વ.૩૩) (રહે.નીકીતા એપાર્ટમેન્ટ, જવાહર ચોક, મણીનગર) એ તા.૨૨/૪/૧૬ નારોજ જી.આઇ.ડી.સી.વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે ડિસેમ્બર/૨૦૧૪ થી મે/૨૦૧૫ સુધીનાં સમયગાળા દરમ્યાન આરોપી (૧) મુકેશભાઇ અશોકભાઇ છાબલાણી (રહે.આગ્રીન ફ્લેટસ, માયા સિનેમા રોડ, કુબેરનગર, સરદારનગર) (૨) અશોકકુમાર છાબલાણી (૩) મેઘલ શાહ (૪) દિપક આહુજા (જે ત્રણેયનાં પૂરા નામ-સરનામાની ખબર નથી) નાઓએ ભેગામળી સુરજીતસિંગને વિશ્વાસમાં લઇ, મશીન ખરીદવા માટે ક્રિશ્ના એન્ટર પ્રાઇઝના નામે ખોટી સહી કરી રૂપિયા ૬૦,૦૦,૦૦૦/- નો ડી.ડી. પોતાના મળતીયા માણસોનાં ખાતામાં ટ્રાન્સફર કરી, છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આઇ.એ.ઘાસુરા ચલાવે છે.

## સોનાનો દોરો ખેચી તોડી લઈ ગયોઃ- સમાચાર યાદી નં.૭૬૦/૧૬

**ખોખરા** : પ્રભાબહેન ભરતભાઇ કોસ્ટી (ઉ.વ.૫૧)(રહે.મહેશ્વરી સોસાયટી, અમર સીનેમાની બાજુમાં, બાપુનગર) તા.૧૭/૪/૧૬ રાતના ૧૦/૧૫ વાગ્યાના સુમારે પોતાના દિકરાની મોટર સાયકલ ઉપર પાછળ બેસી, ખોખરા ઝઘડીયા બ્રીજ ઉતરતા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ (૨૫ થી ૩૦ વર્ષ આશરાનાં) પ્રભાબહેનનાં ગળામાંથી સોનાનો દોરો કિંમત રૂપિયા ૧૫,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ પ્રભાબહેન કોસ્ટીએ તા.૨૨/૪/૧૬ નારોજ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.સી.પટેલ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

ગુમ થવા બાબતઃ

સમાચાર યાદી નં.૭૬૧/૧૬

| | |
|---|---|
| **ઇસનપુર :** ઉર્મીલાબહેન બલવીરસિંહ ખત્રી (ઉ.વ.૫૧) (રહે.પાર્શ્વનાથ ટાઉનશીપ, કૃષ્ણનગર, નરોડા) તા.૧૪/૪/૧૬ નાં કલાક ૮/૪૫ વાગ્યાના સુમારે ઇસનપુર અહેવાલનગર, દશરથમુખીની ચાલી ખાતે આવેલ પોતાની મમ્મીનાં ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મજબુત બાંધાના અને ઘઉવર્ણા છે. લાલ રંગનો સલવાર દુપટ્ટો અને ટોપ પહેયુ છે. ઉંચાઈ ૫ ફુટ ૫ ઈંચ છે. (ઇસનપુર પોલીસ સ્ટેશન ટેલી.નં.૨૫૪૩૦૧૮૦) |  |
| **જીઆઈડીસી વટવાઃ** નિર્મલાબહેન મહેન્દ્રભાઇ મિશ્રા (ઉ.વ.૪૫) (રહે.વિનોબાભાવેનગર, જીઆઈડીસી વટવા) તા.૪/૪/૧૬ ના કલાક ૯/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાધાના અને ઘઉવર્ણા છે. લાલ રંગની બાંધણી સાડી પહેરી છે. ડાબા હાથે છુંદણાથી ગોળ ટપકુ કોતરાવેલ છે. ઉંચાઈ ૫ ફુટ ૨ ઇંચ છે. (જીઆઈડીસી વટવા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૫૮૩૦૦૦૪) |  |
| **વસ્ત્રાપુરઃ** જયદિપભાઇ કાંતિભાઇ મોરપરા (ઉ.વ.૧૯)(રહે.તુલસી શ્યામ એપાર્ટમેન્ટ, સરકારી બહુમાળી ભવન પાછળ, વસ્ત્રાપુર) તા.૩/૪/૧૬ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી નિકળ્યા બાદ તેનો પત્તો નથી. મજબુત બાંધાના અને રંગે ઘઉવર્ણા છે.ઉંચાઇ ૫ ફુટ ૧ ઈંચ છે.(વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ટેલી.નંબર ૨૬૮૫૧૯૦૨) |  |
| **વાડજઃ** ડીમ્પલબહેન ગોવિંદભાઇ સોલંકી (ઉ.વ.૧૯) (રહે.રાવતવાસ, રામાપીરનો ટેકરો, નવાવાડજ) તા.૩/૩/૧૬ ના કલાક ૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. પાતળા બાંધાના અને ઘઉવર્ણા છે. કાળા રંગનું ટોપ અને ગુલાબી રંગનો પાયજામો પહેર્યો છે.ઉંચાઈ ૫ ફુટ ૨ ઇંચ છે.(વાડજ પો.સ્ટે.ટેલી.નં.૨૭૪૯૯૬૪૦) |  |
| **સોલા હાઈકોર્ટઃ** કૃપાબહેન સતીષભાઇ પટેલ (ઉ.વ.૨૦)(રહે.ઉમા બંગ્લોઝ, આર.સી. ટેકનીકલ રોડ, ઘાટલોડીયા) તા.૮/૪/૧૬ નાં કલાક ૫/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. પાતળા બાંધાના અને ઘઉવર્ણા છે. જાંબલી રંગની ટી-શર્ટ અને કાળા રંગનું પેન્ટ પહેર્યુ છે. ઉંચાઈ ૫ ફુટ છે.(સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૭૬૬૪૫૯૦) |  |
| **શાહીબાગઃ** ભારતીબહેન વિનોદભાઈ પટણી (ઉ.વ.૧૫) (રહે.બળીયાદેવનાં ટેકરાનાં છાપરા, પંચવટી, ઓઢવ) તા.૧૩/૪/૧૬ નાં કલાક ૧૨/૩૦ વાગ્યાના સુમારે શાહીબાગ અસારવા બાલભારતી સ્કુલ સામે ચમનપુરા પમ્પીંગ સ્ટેશનનાં કંમ્પાઉન્ડથી ગુમ થયેલ છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. લાલ રંગનો કાળા ટપકાવાળો ટોપ અને કાળા રંગની લેગીઝ પહેરી છે. દાઢીનાં ભાગે ગોળ ટપકુ છુંદણાથી કરાવેલ છે. (શાહીબાગ પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૨૬૮૦૨૫) |  |

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)